**ફોજદારી કેસ નંબરઃ7526–2024.**

– **આંક–૦૧ લગત હુકમ.** –

૧. આ કામનાં આરોપી સામે ઈ.પી.કો.કલમઃ૧૮૮ અન્વયેના ગુનાનો આરોપ છે જે અન્વયે આરોપીને સમન્સની બજવણી કરવામાં આવતા, આ કામના આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલ છે તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે તેમજ તેઓએ ગુના સબબ ગુના કબુલાત પુરસીસ રજુ રાખેલ છે. વધુમાં તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે. બાળ બચ્ચવાળા માણસ છે. તેઓ ઉપર કુટુંબનો આધાર છે. તેમના સિવાય ઘરમાં બીજુ કમાનાર નથી. ઘરની જવાબદારી તેમના ઉપર છે. તેમના ઉપર રહેમ રાખી કરવા વિનંતી કરેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેના નિવેદનમાં સ્વૈચ્છાપુર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાત્રી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

૨. આરોપીનાએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબુલાત અને કેસનાં સંજોગોને ધ્યાને લેતા તેમજ રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂદ્ધ સ્ટેટ ઑફ ગુજરાત જી.એલ.એચ. ૨૦૧૩ (૨) ૯૭૪ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં રાખતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ (૧) જી.એલ.આર.૭૦૯, સ્ટેટ ઑફ ગુજરાત વિરૂદ્ધ નટવર હરચંદજી ઠાકોર ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં રાખતા, જો પુરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નિચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાનાં સિદ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીના સંજોગોને ધ્યાને લેતા, આરોપીને હળવી સજા કરી,

હળવી તથા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાતા હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયના હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

**૧.** આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમઃ૧૮૮ મુજબના ગુનામાં દોષિત ઠરાવી, આરોપીને રૂા.**૧૦૦/–**અંકે રૂપીયા **એકસો** પુરા દંડ કરવામાં આવે છે તથા મજકુર આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો તેને વધુ દિવસ **બે** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

**આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ અન્વયે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

મુકામઃઅમદાવાદ.

તા.૦૯/૦૩/૨૦૨૪.

(દેવાંગ ચંદ્રવદન રાવલ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ
કોર્ટ નંબર–૦૯.
Unique Code No. GJO1209.

આર.કે.સોનારા.